સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પ્રજાના પ્રતિનિધિઓ સદા સ્વાર્થમાં જ રાચે છે,
વેંચે જાતને સત્તા-પદ માટે, વિશ્વાસ ટાંચે છે!
આંચે છે નીતિ અને વફાદારી, પક્ષને પ્રજાની -
સત્તાના મદારી, નચાવે એમ કપિઓ નાચે છે!
(લે-વેંચનો ધંધો ચાલુ)

હાઈકુ

ગૂલાંટબાજી
સ્વાર્થી સભ્યો શીખે છે
રાજકારણે...

'નીતિ' દેવીનું
લ્યો ! નગ્ન હાલતમાં -
થાય લીલામ !

ચિંતન

આરંભગુર્વી ક્ષયિણી ક્રમેણ, લઘ્વી પુરા વૃદ્ધિમતી ચ પશ્ચાત્ ।
દિનસ્ય પૂર્વાર્ધપરાર્ધભિન્ન, છાયેવ મૈત્રી ખલ-સજ્જનાનામ્ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સવારનો પડછાયો શરુઆત પ્રારંભમાં ખૂબ જ લાંબો હોય છે પણ જેમ જેમ દિવસ ચઢતો જાય બપોર થાય તેમ તેમ છાયા ટૂંકી થતી જાય અને છેક પગના તળિયે આવી જાય! દુર્જનોની મૈત્રીની ઉષ્મા કંઈક આવી હોય છે.

એનાથી ઉલ્ટું બપોરનો પડછાયો શરુઆતમાં સાવ નાનો હોય છે. પણ જેમ બપોર નમતી જાય અને સાંજ થતાં છાયા ખૂબ લાંબી થઈ જાય છે. સજ્જનોની મૈત્રીની ઉષ્મા આવી હોય છે. જે સમય જતાં ગાઢ થતી જાય છે.

જ્યારે સાચો સ્વભાવ, સ્વાર્થ અને સંબંધોની કસોટી થાય, ત્યારે પરિચિયનો પરપોટો પ્રસંગો પડતાં ફૂટવા લાગે ત્યારે સાચી ઓળખ થાય અને લાંબા પડછાયાનું કદ, મિલન-મુલાકાત ઘટવા લાગે છે.

જ્યારે સાચો સ્નેહ, બીનસ્વાર્થી સંબંધ શરુમાં મર્યાદિત હોય છે પણ નિખાલસ હૃદયની વિશાળતાનો પરિચય થતાં પ્રેમમાં મૂળ વિસ્તરતાં જાય છે અને છાયા લાંબી થતી જાય છે.

સુવિચાર

- 'સમય' ન લગાવો કે આપકે તય કરને મેં કી આપકો કયાં કરના હૈ ? વરના 'સમય' કરલેગા કિ આપકા કાય કરના હૈ..!! - **સર્વાનંદ સંપત્ત**
- મન નામના સાગરમાં જ આત્માનું મોતી પડેલું છે માટે મરજીવા બની મનસાગરમાં જ ઝંપલાવો - **જીવન પાથેય**
- અધ્યાત્મના ક્ષેત્રે જ જાગે છે એ પરમાત્મા મેળવે છે અને જે ઊંઘે છે એ પદાર્થ મેળવે છે... આપણે શું મેળવ્યું છે એના આધારે આપણા જાગરણનો નિર્ણય થઈ જાય છે - **જનકલ્યાણ**
- સામગ્રી સુખનું સરનામું નથી, સંતોષ સુખનું સરનામું છે - **રોહિત શાહ**
- અહંકારને અધિકાર માગવો પડે છે જયારે પ્રેમને અધિકાર સામેથી મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બહાર દોડે તે નજર, અંદર વળે તે દૃષ્ટિ - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : ગરમ પાણીમાં બે ચમચી ઓલિવ ઓઈવ ઉમેરી તેમાં નેપ્કીન ભીનો કરી માથા પર બાંધી રાખવાથી વાળનો જથ્થો વધે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જે કંઈ પણ ખરાબ થાય છે તે શેતાન નથી કરતો પણ આપણી અંદર રહેતો શેતાન તે શેતાની વૃત્તિને જગાડે છે અને આપણા ગુસ્સાને સળગાવે છે કોઈ પણ માઠા પ્રસંગ થયા હોય તો સમજી વિચારીને પ્રતિક્રિયા આપવી. એક દિવસ ધોબીનો ગધેડો ખેડૂતના ખેતરની નજીકના ઝાડ પર બાંધેલો હતો. શેતાને આવીને તે ગધેડાને છોડી મૂક્યો. છૂટેલો ગધેડો ખેતરનો પાક ચરવા લાગ્યો. ખેડૂતની પત્નીએ ઉભા પાકનું નુકસાન થતું જોયું. તેણે ગધેડાના માથા ઉપર જોરથી લાકડી મારી. ગધેડો મરી ગયો. ધોબીએ મરેલો ગધેડો જોઈને ગુસ્સે થયો તેણે ખેડૂતની પત્નીના માથામાં મોટો પથ્થર માર્યો. પથ્થર મારતાં જ પેલી સ્ત્રી મૃત્યુ પામી. પત્નીને મૃત્યુ પામેલી જોઈ ખેડૂત પણ ગુસ્સે થયો. તેણે દાતરડાંથી ધોબી પર હુમલો કર્યો. અને ધોબી મરી ગયો. હવે ધોબણ ગુસ્સે થઈ તેણે પોતાના દીકરાને કહ્યું, 'ખેડૂતનું ઘર અને ખેતર બાળી નાખો.' દીકરાઓએ માતાની આજ્ઞાનું પાલન કર્યું અને ઘર અને ખેતર સળગાવ્યું. અને માની લીધું કે ખેડૂત મરી ગયો હશે. પણ ખેડૂત બહાર ગયો હોવાથી તે ચી ગયો. પાછા ફરીને ખેડૂત વધુ ગુસ્સે થયો એણે ધોબીના ઘરને આગ લગાવી અને બચેલા ધોબીના ઘરના સૌ બળીને મરી ગયા. ખેડૂત માથે હાથ મૂકી ને બેટો હતો ત્યારે શેતાન હસતો હસતો તેની પાસે આવ્યો. ત્યારે શેતાનને ખેડૂતે પૂછ્યુ. 'આટલી ખાનાખરાબી થઈ લોહી વહ્યાં એમાં તને શું મજા આવી ? શું કામ આવું કર્યું ??' શેતાને કહ્યું, 'ભાઈ, મેં આ બધું નથી કર્યું. મેં તો માત્ર એક બાંધેલો ગધેડો છોડ્યો હતો. આ બધું તારી પ્રતિક્રિયા... તમારા ગુસ્સા... તમારા વેર અને અભિમાનને લીધે તમારા અંદર રહેલા શેતાને કર્યું છે.'

કોરોના સાથે જીવવાની કવાયત જરૂરી

તંત્રીસ્થાનેથી...

દુનિયા આખી કોરોનાના સકંજામાંથી છૂટવા આકાશપાતાળ એક કરી રહી છે પરંતુ કોરોના સંક્રમણ સિકંદરની જેમ વિશ્વવિજેતા બનવા આગળ ને આગળ ધસી રહ્યું છે. હવે તજજ્ઞ તબીબોની ટીમ એવા તારણ પર આવી છે કે જયાં સુધી કુલ વસતિના ૬૦ થી ૭૦ ટકા લોકો સંક્રમિત નહીં થઈ જાય ત્યાં સુધી આ આંકડો ઊંચો ને ઊંચો ચડતો રહેશે. સેચ્યુરેશન પોઈન્ટ આવી જતાં આપોઆપ કોરોનાની પૂર્ણાહૂતિ થઈ જશે. આ પ્રક્રિયાને 'હર્ડ ઈમ્યુનિટી' કહે છે. 'હર્ડ' એટલે પશુઓનું ટોળું. બધાને જયારે કોરોના ડંખ્યો હોય ત્યારે પછી એનો કાર્યક્રમ આપોઆપ સમાપ્ત થઈ જાય. અમેરિકામાં અને યુરોપમાં આ સ્ટેજ વહેલું આવે કારણ કે ત્યાં કોરોનાનો પ્રવેશ પણ વહેલો થયો હતો. મુંબઈ-અમદાવાદ અને દિલ્હીમાં હવે કોરોના એ દિશામાં અગ્રેસર છે. કોટ વિસ્તારમાં નવા કેસ નોંધાતા નથી કારણ કે ત્યાં હર્ડ ઈમ્યુનિટીનું સ્ટેજ આવી ગયું છે. જે વિસ્તારો કોરા રહી ગયા હતા અને જે સાચવી સાચવીને, સોશિયલ ડિસ્ટંસ જાળવીને જીવતા હતા, 'ચોખલિયા' ગણાતા હતા એમનો વારો હવે આવ્યો છે. એમને સંક્રમિત કરવા માટે તબલીગી જમાતના સભ્યોની જરૂર નથી. ડૉ. તેજસ પટેલે કોરોના વિશેના ભયથી મુક્ત થઈ રોજિંદી પ્રવૃત્તિમાં પરોવાઈ જવાનું સૂચન કર્યું છે. વરસાદ અને ઉપ ડિગ્રી તાપમાન આસપાસના ભેજવાળા વાતાવરણમાં કોરોનાનું જોર મંદ પડી જશે અને ધીરે ધીરે એ વિદાય થઈ જશે. જો કે વરસાદમાં મેલેરિયા અને ડેન્ગ્યુ જેવી બિમારીઓ દેખા દેશે ત્યારે કોરોના પણ એવી બીમારીઓ સાથે સંકળાઈ શકે છે. પરંતુ આ તો માનવજાતની નિયતી રહી છે. રોગચાળા આવે છે અને જાય છે; ભૂકંપ, વાવાઝોડાં, અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ આવ્યા કરે છે, ઘણું નુકશાન પણ પહોંચાડે છે, છતાં એમની અસર એક સમયગાળા પૂરતી મૂર્યાદિત હોય છે. એ જ રીતે કોરોના પણ ખોવાઈ જશે અને આપણે બચી જઈશું. જરૂર છે ઈમ્યુનિટી વધારવાની. જેમને હૃદયરોગ, બીપી, ડાયાબિટીસ કે કિડની-ફેફસાં સાથે સંકળાયેલી સમસ્યાઓ છે એમને સાચવવું જ રહ્યું. વૃદ્ધોની ઈમ્યુનિટી ઉંમર સાથે ઘટતી જતી હોઈ એમણે શકય એટલા ઓછા બહાર નીકળવું એ જ ઉપાય રહે છે. મંદિરો ખૂલી જાય એટલે ગાલાવેલા થઈ દર્શન કરવા દોડી પડવાની જરૂર નથી. બિચારા ભગવાન પણ હોમ કૉરન્ટાઈન થઈને અઢી ત્રણ મહિનાથી ચૂપચાપ ભક્તોથી દૂર રહ્યા છે. માનવી સમજે તો વિજ્ઞાન એ આધુનિક ભગવાન જ છે. વિજ્ઞાનને અનુસરો તો બચશો. એ વિજ્ઞાનની સમજણ મુજબ જ સરકારે ભગવાન સામે હાજરી પુરાવતાં ઘંટડી નહીં વગાડવાની, આરતી-નમાજ નહીં અદા કરવાની અને પ્રસાદ કે ચરણામૃત નહીં સ્વીકારવાની સૂચનાવલી બહાર પાડવી પડી છે. મૂર્તિને અડકીને, એનાં ચરણોમાં માથું રગડોળીને કશું મળવાનું નથી. સાબુથી હાથ ધુઓ, મોઢું ઢાંકેલું રાખો. એકબીજાથી સલામત અંતર જાળવો. કોરોનાની હયાતી હોવા છતાં એનાથી બચવાના આ પ્રાથમિક ઉપાયો અને પ્રતિકારશક્તિ વધારે એવા પદાર્થો આરોગવાની સલાર માનીને જ ચાલવામાં શાણપણ છે. બની શકે કે આપણી ઈમ્યુનીટી મજબૂત હોય અને આપણે કોરોનાને અંગત રીતે માત આપી શકીએ, પરંતુ આપણે ચેપગ્રસ્ત થઈ ઘરના ઓછી ઈમ્યુનિટીવાળા બુઝર્ગો અને બાળકોને ચેપ લગાડી બેસીએ ત્યારે કેવી વિડંબના સરજાય ! હરીન્દ્ર દવેની કવિતાની પંક્તિ યાદ આવે છે : 'તમે છંછેડી બેઠા શેષનાગને, હવે રોકી રોકાશે નહીં આગને !'

સર્જક-દિગ્દર્શકની કલા પ્રતિભા હંમેશા સિનેમાપ્રેમીઓના હૃદયમાં એમની ફિલ્મો થકી અજવાળા પાથરતા રહેશે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'જે નજરથી ઓજલ થાય છે, એની તીવ્ર યાદ આવે છે. બાસુ ચેટરજીનું હમણાં જ અવસાન થયું. એમની જ ફિલ્મનું ગીત અહીં બંધબેસતું છે.

ન જાને ક્યું, હોતા હૈ યું જિંદગી કે સાથ, અચાનક યે મન, કિસી કે જાને કે બાદ, કરે ફિર ઉસકી યાદ, છોટી છોટી સી બાત...'

સંગીતપ્રેમી સ્વજન મિલન જોશી એમના પેઈજ પર લખે છે... ને નજર સામે તરવરે છે બાસુ ચેટરજીની ફિલ્મોના સીધા-સાદા-સરળ પાત્રો -તેમના જીવનના પ્રસંગો - ગીતો... આપણને એવું જ લાગે જાણે આ પાત્રો આપણી આસપાસ જ જીવી રહ્યા છે. ભારતના સિનેમા પ્રેમીઓ પૈકીનો મોટો વર્ગ નીચાલ કે ઉપલા મધ્યમ વર્ગનો છે અને આ વર્ગ હંમેશા બાસુદાને યાદ કરશે કારણ કે બાસુદાએ એમની ફિલ્મોમાં આ વર્ગની જીવનકથાઓ રજૂ કરી છે.

મૂળ બંગાળી પરિવાર, પરંતુ એમના પિતાજી રાજસ્થાનમા રહે એટલે જન્મ થયો અજમેરમાં - પછી આગ્રા રહ્યા મથુરામાં એજ્યુકેશન કરીને મુંબઈ આવ્યા. થોડો ટાઈમ કાર્ટુનિસ્ટ તરીકે પણ કામ કર્યું. આગ્રા નિવાસ દરમિયાન શૈલેન્દ્ર સાથે દોસ્તી હતી ને મુંબઈમાં કામ આવી.

એમની કારકિર્દીનો આરંભ થયો ૧૯૬૯માં ફિલ્મ 'સારા આકાશ' થી, જેમાં તેઓએ દિગ્દર્શન અને સ્ક્રીન - પ્લે રાઈટરની બેવડી ભૂમિકા ભજવી હતી.

અને એ પછી ૧૯૭૦ ના દાયકામાં તો બાસુ ચેટરજીએ દેશના મધ્યમ વર્ગના લોકોના પ્રશ્નો-સંવેદના - લાગણી - પ્રેમને અભિવ્યક્ત કરતી ફિલ્મો દ્વારા જાણે આ વર્ગને માલામાલ કરી દીધો. જેમને ઊંઘમાં પણ સુખના કે આનંદના કે સુવિધાના સપના ન આવે, જેઓના માટે એક સાંધો ને તેર તૂટે એવી હાલત હોય, એવા પરિવારોની આસપાસ ઘુમતી ફિલ્મો એમણે આપી.

૧૯૭૨માં પિયા કા ઘર, ૧૯૭૪માં રજનીગંધા અને ઉસ પાર, ૧૯૭૬માં ચિતચોર અને છોટી સી બાત, ૧૯૭૭માં સફેટ જૂઠ, ૧૯૭૭માં સ્વામી અને પ્રિયતમા, ૧૯૭૮માં ખટ્ટામીઠ્ઠા અને દિલ્લગી, તથા તુમ્હારે લીયે, ૧૯૭૯માં દો લડકે દોનો કડકે, મંઝીલ, ચક્રવ્યુહ, પ્રેમવિવાહ, રત્નદીપ, બાતોબાતોં મેં અને એ પછીના વર્ષોમાં મનપસંદ, અપને પરાયે, શોખીન, લાખોં કી બાત, ચમેકી કી શાદી, જેવી ઘણી ફિલ્મો આપી.

મીડલ ક્લાસની જીવનશૈલીને બાસુદાએ હળવી શૈલીમાં મુકીને ફિલ્મોને યાદગાર બનાવી. કયારેય સુપર સ્ટારની મોહતાજી ના કરી. એમની ફિલ્મોમાં સાવ સીધા-સાધા - આપણને આપણું જ પ્રતિબિંબ દેખાય એવા રોલ કોણ કોણે કર્યા ?

આ રહી કેટલાક કલાકારોની યાદી... રાકેશ રોશન, ઉત્પલ દત્ત, બિંદિયા ગોસ્વામી, અમોલ પારેલકર, ટીના મુનિમ, ગીરીશ કર્નાડ, અમતાસિંહ, વિદ્યા સિંહા, દિનેશ ઠાકુર, જયા બચ્ચન, અનિલ ધવન... સાવ સીધું સાધું એમનું જીવન હતં. પોતે જે વાતાવરણમાં ઉછર્યા એ જ નીચલા મધ્યમ વર્ગના લોકોના જીવનનું પ્રતિબિંબ એમને એમની ફિલ્મોમાં ઝીલ્યું.

એમની ફિલ્મોમાં વ્યાપક મનોરંજન હતું પણ પૂરા પરિવાર સાથે બેસીને માણી શકાય એવી હાસ્ય શૈલીનું હતું. પોતાના વિચારોને મજબૂત રીતે તેઓ વળગી રહ્યા અને પરિણામે લોકપ્રિય જ નહિ, સાર્થક સિનેમાના પ્રહરી બની રહ્યા.

અનેક એવોર્ડ મેળવનાર બાસુ ચેટરજીએ કારકિર્દીની શરુઆત ૧૯૬૦ના દાયકામાં ફિલ્મ તીસરી કમસના આસીસ્ટંટ ડીરેકટર તરીકે કરી હતી. ફિલ્મો ઉપરાંત ટેલિવિઝન શ્રેણીઓમાં પણ વ્યોમેશ બક્ષી અને રજની એમની લોકપ્રિય ટીવી સિરિયલો રહી છે.

સામાન્ય માણસના સંઘર્ષ અને પ્રેમ, પ્રશ્નો અને ઉકેલો, આર્થિક સામાજિક જવાબદારીઓ... આ બધાને તેઓએ અદભૂત અને સહજ રીતે રજૂ કરી પોતાની ફિલ્મોના દ્વારા, દિગ્દર્શન તરીકે એમની પાત્રો પાસેથી કામ લેવાની આવડતને કારણે સાહજિક સ્વરુપે ફિલ્મો દર્શકો સુધી પહોંચી.

બાસુ ચેટર્જીની ફિલ્મોનું મહત્ત્વ જમાપાસું હતા ગીતો. લક્ષ્મીકાંત પ્યારેલાલના સંગીતમાં તૈયાર થયેલ 'પિયા કા ઘર'ના યે જીવન હૈ ઈસ જીવન કા યહી હૈ રંગ રુપ અને બંબઈ શહેર કી તુજકો ચલ સૈર કરાયું કે પિયા કા ઘર હૈ યે રાની હું મેં.... રજની ગંધાનું ટાઈટલ સોંગ અને કઈ બાર યું ભી દેખા હૈ... ચિત્તચોરના તો તમામ ગીતો, એ જ રીતે છોટી સી બાતના, જાનેમન જાનેમન અને ન જાને ક્યું હોતા હૈ યું જિંદગી કે સાથ... સ્વામીનું કા કહું સજની, અને યાદોં મેં વો સપનો મેં વે... જેવા ગીતો આજે પણ સંગીત પ્રેમીઓને હૃદયસ્થ છે. એમની ફિલ્મોના સીચ્યુએશનલ સોંગ પણ એટલા જ અસરદાર રહ્યા છે.

૯૩ વર્ષની વયે જયારે તેઓએ દેહ છોડ્યો છે ત્યારે તેઓ એમની કલા પ્રતિભાથી સભર એકથી એક ચડિયાતી અને ઉત્તમ ફિલ્મો આપણને વારસામાં આપીને ગયા છે. આ એવી ફિલ્મો છે જે બન્યાને પાંચ દાયકા થયા છે ને છતાં પણ આજે પચાસ વર્ષ વટાવી ચૂકેલા દર્શકોને જ નહિ, આજના યુવાનેને પણ આકર્ષે છે. એક સર્જક-દિગ્દર્શકની કલા પ્રતિભાના અજવાળા હંમેશા સિનેમાપ્રેમીઓના હૃદયમાં એમની ફિલ્મો થકી અજવાળા પાથરતા રહેશે.

અરે ક્રૂર ઘાતકી મનુષ્યો ! આટલી થપાટો ખાધા પછી પણ સુધરતા નથી?

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

હમણાં ''મધર'' નામક એક ફિલ્મ જોવાનું મારા મિત્રએ જણાવ્યું. ફિલ્મ જોઈને પણ બહું કંઈ મજા ન આવી. અમુક જુગુપ્સાપ્રદ દૃશ્યો તો રીતસર મન વિચલિત કરી ગયા. મેં તેને કહ્યું યાર! મને આ આખું મૂવી જ વિચિત્ર લાગ્યું. તેણે આગ્રહ રાખ્યો કે ફરીવાર જો. તેણે સહાયરુપ એક-બે યુ-ટ્યૂબ ક્લિપ પણ મોકલી. ફરી વાર ફિલ્મ જોઈ. ત્યારે ફિલ્મનો મૂળ કન્સેપ્ટ સમજમાં આવ્યો.

મધર નેચરને આપણે મનુષ્યોએ પીંખી નાખવામાં બાકી નથી રાખી. ઈશ્વર પણ પોતાના ભક્તો પર હંમેશા દયા રાખીને માફ કરતો આવ્યો છે. પ્રકૃતિમાતાની વારંવારની વિનવણી અવગણીને પણ ઈશ્વર તો લોકો એટલે કે તેમના ભક્તોનું ભલું જ કરતાં રહ્યાં છે.

પ્રકૃતિ બિચારી રોજ સવારે પોતાની રીતે સ્વયં સ્વસ્થ અને દુરસ્થ કરવાના પ્રયત્ન કરતી રહે છે. પરંતુ, આપણે નગુણા લોકો તેના પેટાળમાંથી બસ ઉલેચતાં જ રહીએ છીએ. અને આખરે પ્રકૃતિ આપણાથી ત્રાસી જઈને પોતાની સાથે આપણને પણ પ્રલયની ગર્તામાં લઈ જવા વિવશ બને છે.

૨૦૧૭માં આવેલી આ ફિલ્મ વિવાદિત પુસ્તક 'ધ બુક ઓફ જીનેસિસ' પરથી ડેરેન આરોનોફ્સ્કી નામના દિગ્દર્શકે બનાવી હતી.પહેલા વેનિસમાં અને ત્યારબાદ યુ.એસ.માં આ ફિલ્મ રિલીઝ થઈ હતી. ફિલ્મમાં દરેક પાત્ર રૂપક તરીકે છે. ફિલ્મની હિરોઈન મધર એટલે પ્રકૃતિમાતા, ફિલ્મનો હીરો એટલે ભગવાન અને ફિલ્મમાં આવતા અણગમતાં અને વણજોઈતાં પાત્રો એટલે હું અને તમે મનુષ્યો.

ફિલ્મ જોયા પછી જે દૃશ્યો જુગુપ્સાપ્રદ અને ડરામણા લાગતાં હતાં, તે વાસ્તવમાં અત્યારે અને વર્ષોથી આપણે આપણી પ્રકૃતિમાતા પર કરાતા અત્યાચારોનો અંશમાત્ર છે. પૃથ્વીનો પ્રલય થાય અને અમુક કાળ પછી વળી આ પૃથ્વી ઈશ્વર દ્વારા નવનિર્માણ પામે, તેવી આપણાં પુરાણોની પણ કથા છે. દુનિયાના દરેક ધર્મ, સંપ્રદાય હંમેશા મનુષ્યોને સમજાવતા જ આવ્યા છે કે પ્રકૃતિના રક્ષક બનીએ, ભક્ષક નહીં. પ્રકૃતિનું દોહન કરીએ, શોષણ નહીં.

તેમાં પણ આપણા સનાતન હિંદુ ધર્મમાં તો પ્રકૃતિને જ સ્વયં ઈશ્વર માનવાની વાત કરી છે. વૃક્ષદેવતા, નાગદેવતા, મૂષક ગણેશજીનું વાહન, ગાયમાતા, નદીમાતા, પર્વતો પર મંદિર અને માતાજીના સ્થાનક સ્થાપીને પ્રકૃતિના મહત્ત્વનું સ્થાપન. સ્વયં ગણેશ પોતે ગજાનન છે. કાર્તિકેયનું વાહન મયુર. વિષ્ણુનું વાહન ગરુડ, બહુચરમાતા કુકડા પર બિરાજમાન છે, માતાજીનું વાહન વાઘ, ખોડિયાર માતા મગર ઉપર બિરાજમાન છેપ..આવી તો અઢળક યાદી છે. જે આપણને પ્રકૃતિના દરેક તત્વની પૂજા કરવાની શીખ આપવા માટે જ દૃષ્ટાંત રુપે આપણા વડવાઓએ મૂકી છે. સ્વયં ઈશ્વર પણ તેની સાખ પૂરે છે.

હમણાં જ કેરલમાં હાથીણિની ઉપરના અત્યાચારના સમાચારોથી આપણે આહત છીએ. આ વાત ફરી વખત સ્પષ્ટ થઈ ગઈ છે કે કહેવાતા શિક્ષણમાં અને સંસ્કારોમાં આભ જમીનનું અંતર છે. આજનું શિક્ષણ સંવેદનાઓ શીખવતું નથી. કોઈ વ્યક્તિ આટલી હદે સંવેદનહીન થઈ શકે તે માન્યામાં નથી આવતું. સંવેદનહીનતાને, આપણી નરી સ્વાર્થાન્ધતાને આપણે આવશ્યકતાઓનું રૂપકડું નામ આપી દઈને આ પ્રકૃતિના વિધ-વિધ સોપાનોને છિન્ન-ભિન્ન કરી નાખ્યાં છે.

જાગૃત પ્રકૃતિ-પ્રેમીની એક પોસ્ટમાં વાંચ્યું હતું કે કેરલમાં ગાય-ભેસ કે કોઈ પાલતું પશુ મરી જાય તેને ઊંચી-ઊંચી પહાડીઓ પર દાટવામાં આવે છે, અને તેની ઉપર ક્રોસ મૂકીને તેની પટ્ટી ઉપર લોખંડના અણીદાર આરાવાળી ઘાતક પટ્ટી મૂકવામાં આવે છે, આવા અડાબીડ જંગલમાં હાથી તે પટ્ટીઓ પર વલૂરવાના આશયથી સૂંઢ ફેરવે એટલે તરત તે સૂંઢ કપાઈ જાય. અને ત્યારબાદ તે હાથી પણ થોડા સમયમાં મરણને શરણ થાય.

થોડા સમય પહેલા સોશ્યલ મિડિયા પર એક વીડિયો જોયો હતો. જેમા એક મહિલા મીટ-માર્કેટમાં(માંસ-બજાર)માં દરેક દુકાનમાં જઈને ''કુટ્ટીપાય''ની માંગણી કરતી હતી. તે દરમિયાન તે મહિલાને પૂછવામાં આવ્યું કે આ ''કુટ્ટીપાય'' શું છે ? ત્યારે તે મહિલાએ જે ઉત્તર આપ્યો તે આપણને રાક્ષસથી પણ બદતર હોવાનો પુરાવો આપે છે. તેણે કહ્યું કે- ''જયારે બકરી તેના બચ્ચાને જન્મ આપવા માટે સજ્જ હોય છે,અને માત્ર બે-ત્રણ દિવસમાં જ બચ્ચું જન્મ લેવાનું હોય તે પહેલાં જ તે બકરીને મારીને તેની અંદરથી પેલા અજન્મા બચ્ચાને બહાર કાઢવામાં આવે છે. અને તેને કુટ્ટીપાય કહે છે. તે ખૂબ જ મુલાયમ અને સ્વાદીષ્ટ હોય છે,માટે હું તેને શોધી રહીં છું''. હવે આ ક્રૂરતાને આપણે કઈ કક્ષામાં મૂકીશું ?

પર્યાવરણ બચાવોની કાગારોળ મચાવતાં આપણે નવી નવી સંસ્થાઓ અને એન.જી.ઓ. બનાવી બનાવીને પર્યાવરણ-પ્રકૃતિને બચાવવાનો ડોળ કરી રહ્યાં છીએ. જ્યારે આ લોકડાઉનમાં પ્રક?તિએ આપણને લપડાક મારીને સમજાવી દીધું કે, પ્રકૃતિ પોતાનું Healing જાતે જ કરી શકે છે. બસ આપણે આડા ન આવીએ તો. આ લોકડાઉનમાં હવા શુદ્ધ થઈ ગઈ, નદીઓ શુદ્ધ થઈ ગઈપ કારણકે પ્રકૃતિને બગાડનારાં એવા મનુષ્યો ઘરોમાં બંધ હતા.

પ્રકૃતિ-પૂજન આપણી સનાતન સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે. શાકાહારી ભોજન, તેમ જ શરીર માટે આવશ્યક છે, તેટલો જ ખોરાક લેવો શરીર અને પ્રકૃતિ બંન્ને માટે આવશ્યક છે. આજે વિશ્વમાં માત્ર આપણાં જ દેશમાં એ પણ અમુક વર્ગમાં જ આ ભાવના અને સંસ્કાર બચ્યા છે. મનુષ્યએ પોતાની સ્વાદેન્દ્રિયો અને અન્ય ઈન્દ્રિયોના આનંદ અર્થે જ પ્રકૃતિનો દુરુપયોગ કર્યો છે. અને આનું દુષ્પરિણામ આપણે જોઈ રહ્યા છીએ.

પ્રકૃતિએ માણસને જણાવી દીધું છે કે આપણે મનુષ્ય પ્રકૃતિ આગળ કશું જ નથી.

માતા ભૂમિ પુત્રોજીહં પૃથિવ્યા: આ પ્રમાણે ભૂમિ સૂક્ત આપણે ત્યાં છે. પશુને ચારો અને પક્ષીને ચણ નાખવાની આપણી પરંપરાવાળા દેશમાં પશુ-પક્ષીનું ભક્ષણ કરવાની વાત ક્યાંથી ઘુસી ?

એમેઝોન પ્રાઈમ પર આ 'મધર' પિક્ચર ઉપલબ્ધ છે. ફિલ્મની બીજી છણાવટ જાણી જોઈને નથી કરી, આપ સ્વયં જ એ અનુભવમાંથી પસાર થાવ. ચિંતનીય અને મનનીય ફિલ્મો કે પુસ્તકો વિશે કોઈ ટીપ્સ મળતી રહે તો આવા અનેક વિષયોનો ઉઘાડ થાય. મિત્ર દિગ્વિજય હંમેશા આવા વિચારણીય અને હટકે વિષયો પરની ફિલ્મો વિશે જણાવતો રહે છે. તેની આ વહેંચીને આનંદ મેળવવાની વૃત્તિ કાયમ વિચારભાથું સમૃદ્ધ કરવામાં પોષક રહી છે. આભાર દોસ્ત !

- jayuoza@gmail.com
Mo.9898046488

એક કિસ્સો 'રીલ' નહીં 'રીયલ ગાંધીગીરી'નો

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બેન્કમાં કામ કરતાં એક યુવાન અધિકારીની વાત છે. બેન્કે ફાળવેલા સરકારી ક્વાટરમાં આ યુવાન અધિકારી તેની આઠ દસ વર્ષની દીકરી અને પત્નિ સાથે રહે. અત્યંત સરળ સ્વભાવનું અને નિરૂપદ્રવી આ પરિવાર આનંદથી રહે. પાનખર ઋતુમાં આસપાસના વૃક્ષોના અઢળક પાંદડા એમના સરકારી ક્વાટરમાં પડે. રોજેરોજ સુકાયેલા

પાંદડા વાળીને આ દંપતી એમના કમ્પાઉન્ડમાં ઢગલો કરે. બે-ત્રણ દિવસે સુકાયેલા પાંદડાનો ઢગલો મોટો થાય એટલે એને દિવાસળી ચાંપીને બાળી નાખે. સ્વભાવિક રીતે જ સુકા પાંદડા બળવાથી આજુબાજુના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા થઈ જાય.

આ ભાઈની બાજુમાં જ સરકારમાં કામ કરતાં બીજા એક ઉચ્ચ અધિકારી પણ રહે. પ્રતિદિન સવારે અગાસી ઉપર આ ભાઈ યોગા અને કસરત કરે. અઠવાડીયામાં બે વાર પાડોશમાંથી સવારે ફેલાતા ધુમાડાને એ જોતાં. જો કે પાડોશમાં રહેતાં બેન્કના ઓફિસર સાથે એમને કોઈ ખાસ મિત્રતા કે સંબંધ ન હતો. એક દિવસ સવારે તેમની નિયમિત કસરતો કરીને એ નીચે આવ્યા અને એમના બગીચામાંથી એક ફૂલ લઈને એ ભાઈ સીધા પહોંચી ગયા પાડોશીના ઘરે. બેન્ક ઓફિસર પાડોશીને વિનયપૂર્વક નમસ્કાર કરીને તેમના હાથમાં ફૂલ આપ્યું અને કહ્યું, 'મિત્ર, સુકા પાંદડા બાળવાથી હવામાં પ્રદુષણ ફેલાય છે અને આસપાસના વૃક્ષો ઉપર પણ તેની માઠી અસર પેદા થાય છે. જો શક્ય બને તો એક નાનો ખાડો ખોદીને એકઠા કરેલા સુકા પાંદડા ખાડામાં નાખી એની ઉપર માટી વાળી દેશો તો જમીનની ફળદ્રુપતા પણ વધશે.'

બેન્ક ઓફિસરે પાડોશીની આ વાતને ખૂબ સહજતાથી અને હકારાત્મકતાથી સ્વીકારી લીધી. પાંદડા બાળવા પાછળ એમનું કોઈ મમત તો હતું જ નહીં. સુકા પાંદડા તો બીલકુલ સાહજિકતાથી એ બાળી નાખતાં હતાં. આ વાત ખૂબ સામાન્ય અને નાની છે. પરંતુ આની પાછળનો સંકેત ખૂબ મોટો છે. થોડા સમય પહેલાં આવેલી ફિલ્મ મુન્નાભાઈ એમબીબીએસની 'રીલ ગાંધીગીરી'નું આ 'રીયલ ગાંધીગીરી'માં રૂપાંતરણ છે. સારો વિચાર અને અમલ એ બે વચ્ચે આસમાન જમીનનુ અંતર છે. સારી બાબત સાંભળવી, વાંચવી, જોવી એક વાત છે અને એને અમલમાં મૂકવી બીજી વાત છે.

જ્યારે પણ સારા વિચારો આવે ત્યારે તેનો તાત્કાલિક અમલ કરવામાં જ શાણપણ છે. પાડોશમાં રહેતાં એ જાગૃત ભાઈએ એમને આવેલા સારા વિચારને સત્વરે અમલમાં મૂક્યો ત્યારે બાજુવાળા બેન્ક ઓફિસર શું વિચારશે એની પળોજણમાં એ પડ્યા નહીં. એ તો નિર્વિવાદ વાત છે કે, લોકો તો ત્યારે પણ બોલતા જ રહેશે જ્યારે તમે કશું પણ નહીં કરતા હોવ. સારા વિચારનો અમલ કરવામાં જબરી તાકાત હોય છે. જ્યારે હૃદયમાં પ્રેમ અને નફરત બેમાંથી એકેય લાગણી ન હોય ત્યારે વસ્તુ સ્થિતિ બિલકુલ સ્પષ્ટ બની જતી હોય છે. મનની પુષ્ટભૂમિ ઉપર વિચારોનો ધસમસતો પ્રવાહ ક્યારેય અટકતો નથી. સારા વિચારોના અમલીકરણના માર્ગમાં પથ્થરો અવશ્ય મળે છે. આ પથ્થરોની ઠોકરો ખાઈને પણ જો વ્યક્તિ અમલીકરણ કરવાની દિશામાં આગળ ન વધી શકે તો પછી અલ્ટીમેટલી એના નસીબનો જ દોષ સમજવાનો રહે.

કશું ખોટું થતું સહન કરતા રહેવું અને કશું જ અમલમાં ન મૂકવું એ મહા અજ્ઞાન છે. ખોટુ કરવા કરતા કશું જ ન કરવાની કિંમત બહુ મોટી ચૂકવવી પડતી હોય છે. ઘટાદાર વૃક્ષ બનતાં પહેલાં બીજને જમીનનું જબજસ્